# કામરેજમાં તાપી નદીમાં નાહવા પડેલા યુવકનું ડૂબી જવાથી મોત

**નાના** ભાઈ સાથે નાહવા માટે ગયેલા મોટા ભાઈનો પગ લપસી જતાં પાણીમાં ડૂબી ગયો

કામરેજ: કામરેજના ખોલવડ સ્મશાન નજીક ઓવારા પર નાનાભાઈ સાથે નાહવા માટે ગયેલા યુવકનો પગ લપસી જતાં તાપી નદીના પાણીમાં ડૂબી જતાં મોત નીપજ્યું હતું. સ્થાનિક તરવૈયાની મદદથી યુવકનો મૃતદેહ એક દિવસ બાદ શોધી કાઢવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ ભાવનગરના રોયલ ચોકડીના વતની અને હાલ કામરેજના આંબોલી ગામે મેલડી માતાના મંદિર પાસે ખુલ્લી જગ્યામાં રહેતો પકંજ ઉર્ફે સોનુ રામસિંગ રાઠવા (ઉં.વ.20) જે બહેન મમતાબેનને ત્યાં નાનાભાઈ રવિ તેમજ બીજી બહેન એનુ ઉર્ફે મનીષાબેન સાથે રહેવા માટે આવ્યા હતા. ગુરુવારે પંકજે મોટી બહેન એનુને જણાવ્યું કે, રવિ તેમજ સુરેશભાઈ સાથે તાપી નદીના પાણીમાં નાહવા માટે જઈએ છીએ, તેમ કહી ત્રણેયે ખોલવડ ગામની હદમાં સ્મશાનની બાજુમાં આવેલા ઓવારા પર નાહવા માટે બપોરે ગયા હતા.

રાત્રે 8 કલાકે રવિએ ઘરે આવીને બહેનને જણાવ્યું કે પંકજ તાપી નદીના પાણીમાં નાહવા માટે ગયો ત્યારે અચાનક પગ લપસી જતાં ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો.

બચાવવા જતાં પાણીની અંદર જતો રહેતાં બચાવી ન શકાયો ન હતો. આથી શુક્રવારે સમાજના લોકો સાથે શોધખોળ કરતાં બપોરે 2.30 કલાકે સ્થાનિક તરવૈયાની મદદથી પંકજનો મૃતદેહ પાણીમાંથી શોધી કામરેજ પોલીસને જાણ કરી હતી. આ બનાવમાં પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ભરૂચ ડબલ મર્ડર કેસ: હત્યારાએ રમઝાન પહેલાં હથિયાર ખરીદ્યાં હતાં

**જૈનુલ** ઝનોરવાલાએ રમઝાન બાદ હત્યાનું પ્લાનિંગ કર્યું હતું

**ઘાતકી** હુમલા વખતે લોહી લાગતાં કપડાં બદલ્યાં હતાં

ભરૂચ: ભરૂચ શહેરને બે દિવસ પહેલા ચકચારિત કરનારા ડબલ મર્ડર કેસમાં પોલીસ તપાસમાં એક પછી એક ચોંકાવનારા ખુલાસા થઈ રહ્યા છે. પારિવારિક વિવાદ અને ઘરકંકાસના કારણે આચરવામાં આવેલા આ હત્યાકાંડે સમગ્ર વિસ્તારમાં દહેશત સર્જી છે.

પોલીસ સૂત્રો અનુસાર આરોપી સસરા જૈનુલ અબ્બાસ ઝનોરવાલાએ પોતાની પુત્રવધૂ અલીફીયા અને વેવાણ શહેનાજબેન નમકવાલાની ઘાતકી હત્યા કરી છે. હત્યારાએ પુત્રવધૂને કુલ 44 ઘા ઝીંક્યા હતા અને તે મરી જવા છતાંય શરીર પર ઘાઉપર ઘા કરતો રહ્યો હતો. પોસ્ટમોર્ટમ રિપોર્ટ પ્રમાણે બંને મહિલાનાં મોત થયા બાદ પણ તેમના શરીર પર વારંવાર હુમલો કરવામાં આવ્યો હતો. મૃતક અલીફીયાના પિતા અબ્દુલ હુશેન સૈફુદ્દિન નમકવાલાની ફરિયાદ અનુસાર અલીફીયાના પતિ ડો.યુસુફ ઝનોરવાલા અને સસરા જૈનુલ લાંબા સમયથી તેના ચારિત્ર્ય અંગે શંકા કરી છૂટાછેડા માટે દબાણ કરતા હતા. પરિવાર આ માટે તૈયાર ન થતાં રોષમાં આવી જૈનુલે આ હત્યાકાંડનો તખ્તો ગોઠવી દીધો હતો.

પોલીસ તપાસમાં વધુ મહત્ત્વનો ઘટસ્ફોટ થયો છે કે, આરોપી જૈનુલ ઝનોરવાલાએ દોઢેક મહિના અગાઉથી બંને હત્યાનું આયોજન કરી લીધું હતું.

તેણે અગાઉથી હથિયારોની ખરીદી કરી હતી, પરંતુ રમઝાન મહિનો શરૂ થતાં પોતાની યોજના થોડા સમય માટે મોકૂફ રાખી હતી. તપાસ મુજબ ઘટનાના દિવસે જૈનુલ શહેરના ડી-માર્ટ મોલમાં ગયો, જ્યાંથી તેણે ઓરિયો બિસ્કિટનું પેકેટ ખરીદ્યું. ત્યારબાદ તે સ્ટેશન રોડ પર આવેલા સિટી સેન્ટરમાં લગભગ 1 કલાક રોકાયો હતો. ત્યાંથી સીધો કોઠીરોડ સ્થિત પોતાના પુત્રના નિવાસસ્થાને પહોંચી તેણે પુત્રવધૂ પર ધારદાર હથિયાર વડે હુમલો કર્યો અને ગળા સહિત શરીરના અન્ય ભાગોમાં અંદાજે 44 ઉપરાછાપરી ઘા કરીને તેની હત્યા કરી હતી. હુમલા દરમિયાન લોહી લાગતાં આરોપીએ કપડાં બદલી બીજું શર્ટ પહેર્યું હતું.

બાદ તે બેગમાં હથિયારો લઈને વ્હોરાવાડ સ્થિત પુત્રવધૂના પિયર પહોંચ્યો હતો. અહીં દરવાજો ખોલનાર તેની વેવાણ શહેનાઝબેન પર હુમલો કરી આશરે 23 ઘા ઝીંકી તેની પણ ઘાતકી હત્યા કરી હતી. બંને હત્યા બાદ આરોપીએ આપઘાતનો પ્રયાસ કરી પોતાના શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. હાલ તે હોસ્પિટલમાં પોલીસ દેખરેખ હેઠળ સારવાર લઈ રહ્યો છે.

### પોલીસે એક સ્યુસાઈડ નોટ કબજે લીધી



પોલીસે આરોપીના મકાનની તપાસ દરમિયાન એક સ્યુસાઈડ નોટ કબજે લીધી છે, જે હત્યાકાંડ પહેલાં લખવામાં આવી હોવાનું માનવામાં આવે છે. આ નોટ ફોરેન્સિક તપાસ માટે મોકલવામાં આવી છે. ઘટના સ્થળેથી 4 છરી, 1 કુહાડી સહિતનાં હથિયારો પણ જપ્ત કરવામાં આવ્યાં છે. હાલ પોલીસ આરોપીની કોલ ડિટેઇલ્સ, સીસીટીવી ફૂટેજ, ફોરેન્સિક પુરાવા અને સ્યુસાઈડ નોટના આધારે વધુ તપાસ ચલાવી રહી છે. શહેરમાં ભારે ચકચાર મચાવનારા આ કેસમાં આગામી દિવસોમાં વધુ મહત્ત્વના ખુલાસા થવાની શક્યતા છે.

# બારડોલી નજીક મંદબુદ્ધ કિશોરી પર બળાત્કાર ગુજારાયો

**કિશોરીને** ઘરમાં એકલી જોઈ શાંતુ ચૌધરીએ કુકર્મ આચર્યુ, ગણતરીના કલાકોમાં અટકાયત

બારડોલી: બારડોલી નજીકના એક ગામમાં માનવતાને શરમાવે તેવી ચકચારી ઘટના સામે આવી છે. અહીં પડોશમાં જ રહેતા ૩૪ વર્ષીય વાસનાલોલુપ યુવકે ૧૪ વર્ષની એક મંદબુદ્ધિની કિશોરીને ઘરમાં એકલી જોઈ, તેની એકલતાનો લાભ લીધો હતો. આ નરાધમે માસૂમ બાળાને ફોસલાવી પટાવી તેની પર બળાત્કાર ગુજાર્યો હતો. કિશોરીની શંકાસ્પદ હિલચાલને કારણે ગામલોકોને ઘટનાની જાણ થતાં સમગ્ર પંથકમાં ભારે રોષ અને અરેરાટી વ્યાપી ગઈ હતી.

લોકોનો ગુસ્સો જોઈને આરોપી તુરંત જ ગામમાંથી ભાગી છૂટ્યો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ સ્થાનિકોએ તાકીદે પોલીસને જાણ કરી હતી. પોલીસનો ઉચ્ચ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. ભોગ બનનારી માસૂમ બાળાને તબીબી પરીક્ષણ અને સારવાર અર્થે તાત્કાલિક બારડોલીની સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. ફરાર આરોપીને ઝડપી પાડવા માટે પોલીસે અલગ-અલગ ટીમો બનાવી ચક્રો ગતિમાન કર્યાં હતાં. ચોક્કસ ખાનગી બાતમીના આધારે પોલીસે ગણતરીના કલાકોમાં જ નાસતા ફરતા આરોપી શાંતુ રમેશ ચૌધરીને નજીકના વિસ્તારમાંથી કોર્ડન કરી દબોચી લીધો હતો. સઘન પૂછપરછ દરમિયાન તેણે પોતાનો ગુનો કબૂલ કર્યો છે. પોલીસે કિશોરીના પિતાની ફરિયાદના આધારે આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૬૪(૨)(૧)(કે), ૬૫(૧) તથા પોક્સો (POCSO) એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### ભરૂચ જામા મસ્જિદ વિવાદમાં જૈન સમાજનો નવો દાવો

# ભોંયરામાં મળી આવેલી મૂર્તિઓનું વૈજ્ઞાનિક સર્વેક્ષણ કરવાની માંગ

**ભોંયરામાં** મળેલી પ્રાચીન મૂર્તિઓ બાદ જૈન સંતે ત્રણ તીર્થનો દાવો કર્યો, મસ્જિદ ટ્રસ્ટનો સરવે સામે વિરોધ



ભરૂચ: ભરૂચની ઐતિહાસિક જામા મસ્જિદને લઈને ચાલી રહેલો વિવાદ હવે નવો વળાંકમાં આવ્યો છે. મસ્જિદના ભોંયરામાંથી પ્રાચીન મૂર્તિઓ મળી હોવાના દાવા અને તેના વિડીયો-ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ હિન્દુ સંગઠનોની સાથે હવે જૈન સમાજ પણ મેદાનમાં આવ્યો છે.

જૈન સંતો અને આગેવાનોએ કરેલા દાવા મુજબ હાલ જ્યાં જામા મસ્જિદ આવેલી છે તે સ્થળ વાસ્તવમાં જૈન ઈતિહાસનું અત્યંત મહત્ત્વપૂર્ણ અને પ્રાચીન તીર્થ 'સમડી વિહાર' (શકુનિકા વિહાર) હતું. જૈન સંત રાજસુંદરવિજયજી મહારાજે જણાવ્યું કે, આ જગ્યાએ સમડી વિહાર સહિત ત્રણ જૈન તીર્થો આવેલાં હતાં-અશ્વાવબોધ તીર્થ, પ્રાયશ્ચિત તીર્થ અને સમડી વિહાર.

વિવાદ વકરતા જૈન સમાજે હવે આ સમગ્ર સ્થળનું વૈજ્ઞાનિક અને નિષ્પક્ષ પુરાતત્ત્વીય સર્વેક્ષણ કરવાની માંગ ઉઠાવી છે. જૈન આગેવાનોનો આક્ષેપ છે કે, વર્ષો દરમિયાન અહીં અનેક નવાં બાંધકામો થયાં છે, જેના કારણે સ્થળનું મૂળ ઐતિહાસિક સ્વરૂપ બદલાઈ ગયું છે.

સમાજે મસ્જિદના ભોંયરામાં તપાસ માટે પ્રવેશની માંગ કરી હતી, પરંતુ મુસ્લિમ ટ્રસ્ટ દ્વારા મંજૂરી આપવામાં આવી ન હતી. બીજી તરફ જામા મસ્જિદ ટ્રસ્ટ અને મુસ્લિમ સમાજના અગ્રણીઓએ આ વિવાદને ભ્રામક અને કોમી સૌહાર્દ બગાડવાનો પ્રયાસ ગણાવ્યો છે. ટ્રસ્ટીઓએ કલેક્ટરને આવેદનપત્ર સુપરત કરી કહ્યું છે કે સોશિયલ મીડિયા પર ખોટા વિડીયો-ફોટા વાયરલ કરી ધાર્મિક લાગણીઓ દુભાવવાનો વ્યવસ્થિત પ્રયાસ થઈ રહ્યો છે. ટ્રસ્ટે સ્પષ્ટ કર્યું કે જામા મસ્જિદ સદીઓ જૂની ઐતિહાસિક મસ્જિદ છે અને ભવિષ્યમાં પણ તે મસ્જિદ તરીકે જ રહેશે. આ મુદ્દો ભરૂચ સહિત સમગ્ર ગુજરાતમાં ભારે ચર્ચાનો વિષય બન્યો છે.

# નેત્રંગ તાલુકામાં બિનઅધિકૃત ખનીજ વહન સામે કાર્યવાહી

**અંદાજે** ૩.૫૦ લાખના મુદ્દામાલ સાથે ટ્રક સીઝ કરાઈ



પ્રદીપ ગુર્જર

નેત્રંગ: ગત તારીખ ૧૦ના રોજ નેત્રંગના મામલતદાર કલ્પેશ બી.ગળિયા (GAS)ના સીધા માર્ગદર્શન હેઠળ સરકારી ટીમ દ્વારા તાલુકાના વિવિધ વિસ્તારોમાં આકસ્મિક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

આ સઘન ચેકિંગ કામગીરી દરમિયાન કેલ્વીકૂવા રોડ પરથી પસાર થઈ રહેલી એક શંકાસ્પદ ટ્રકને રોકીને તપાસ કરવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં જ માલૂમ પડ્યું હતું કે, ટ્રક નં.(GJ-16-AV-7257)માં કોઈપણ પ્રકારની કાયદેસરની રોયલ્ટી પાસ વગર અને ક્ષમતા કરતાં વધુ (ઓવરલોડ) ખનીજ ભરીને તેનું બિનઅધિકૃત રીતે પરિવહન કરવામાં આવી રહ્યું હતું. તંત્ર દ્વારા કાયદાનો ભંગ કરનાર આ વાહનને સ્થળ પર જ તાત્કાલિક સીઝ કરવામાં આવ્યું હતું. કાયદેસરની કાર્યવાહી હેઠળ ઝડપાયેલા વાહન અને ખનીજ સહિત અંદાજે ૩.૫૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. હાલમાં આ સીઝ કરાયેલી ટ્રકને મામલતદાર કચેરી, નેત્રંગ ખાતે નેત્રંગ પોલીસની કસ્ટડી હેઠળ સુરક્ષિત રીતે રાખવામાં આવી છે.

તંત્ર દ્વારા ખનીજ કાયદા અને નિયમો મુજબ આગળની દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તાલુકામાં બિનઅધિકૃત ખનીજ ખનન અને પરિવહન કરનારા તત્વોને બિલકુલ બક્ષવામાં આવશે નહીં. વહીવટી તંત્ર દ્વારા આવી ગેરકાયદે પ્રવૃત્તિઓ સામે સતત કડક દેખરેખ રાખવામાં આવી રહી છે અને ભવિષ્યમાં પણ આ પ્રકારની સપાટો બોલાવતી કામગીરી યથાવત્ ચાલુ રહેશે.

## સંક્ષિપ્ત સમાચાર

### અંકલેશ્વર જીઆઈડીસીમાં પિઝા કેફેની દુકાનમાં આગ




પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર: અંકલેશ્વર જીઆઈડીસીના રહેણાક વિસ્તારમાં આવેલા ગણેશ સ્ક્વેર કોમ્પ્લેક્સના પહેલા માળે આવેલી પિઝા કેફેની દુકાનમાં અચાનક આગ લાગતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતા અંકલેશ્વર ડીપીએમસી ફાયર બ્રિગેડની એક ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી અને આગ પર કાબૂ મેળવવાની કામગીરી હાથ ધરી હતી. આગ લાગવાના કારણે દુકાનમાં રહેલું ફર્નિચર તેમજ અન્ય સામાન બળીને ખાખ થઈ ગયો હતો. ફાયર બ્રિગેડના જવાનોએ સમયસર કામગીરી હાથ ધરતાં આગને વધુ ફેલાતી અટકાવવામાં સફળતા મેળવી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ નોંધાઈ નથી.

### અદાણી ફાઉન્ડેશનની નવતર પહેલ



ભરૂચ, વાંકલ: ભરૂચ જિલ્લાના નેત્રંગ અને સુરત જિલ્લાના ઉમરપાડાના આદિવાસી વિસ્તારોમાં ઉનાળો એટલે ખેતરો ઉજ્જડ અને આવક બંધ. આ તસવીર હવે ઇતિહાસ બની ગઈ છે. અદાણી ફાઉન્ડેશન દ્વારા ટપક સિંચાઈ, સોલાર પંપ અને માંડવા (ટ્રેલીસ) પદ્ધતિના સંકલિત અમલીકરણથી સેંકડો આદિવાસી ખેડૂતો, ખાસ કરીને મહિલાઓ, હવે કાળઝાળ ઉનાળામાં પણ લીલી શાકભાજી ઉગાડીને હજારો રૂપિયાની માસિક આવક મેળવી રહ્યા છે. ફાઉન્ડેશન દ્વારા જોઈન્ટ લાયબિલિટી ગ્રૂપ (JLG) બનાવી કુલ 38 સોલાર પંપ લગાવાયા, જેના કારણે 190 પરિવારોની 190 એકર જમીનને સિંચાઈ મળી છે. વધુમાં, 61 ડ્રિપ ઈરિગેશન સિસ્ટમ લગાવી પાણીનો બગાડ અટકાવાયો છે. વેલાવાળા શાકભાજી માટે ઉમરપાડામાં 30 અને નેત્રંગમાં 300 ખેડૂતોને માંડવા પદ્ધતિ માટે સહાય અપાઈ છે. આ પહેલથી સૌથી વધુ લાભ મહિલા ખેડૂતોને થયો છે.

### શ્રી રંગ નવચેતન મહિલા કોલેજનું ગૌરવ



ભરૂચ: શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કોલેજ, વાલિયાની એસ.વાય.બી.એ.ની વિદ્યાર્થિની સુલોચના અજિતભાઈ વસાવાએ પાવર લિફ્ટિંગમાં બ્રોન્ઝ મેડલ જીતી કોલેજ અને સમગ્ર નવચેતન પરિવારનું ગૌરવ વધાર્યું છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે તા.25 મેના રોજ યોજાયેલી VNSGU 2025-26 ઇન્ટર કોલેજ મહિલા પાવર લિફ્ટિંગ સ્પર્ધામાં સુલોચનાએ 47 કિલોગ્રામ વજન વર્ગમાં બ્રોન્ઝ મેડલ હાંસલ કર્યો છે. કોલેજનાં રમતગમત માર્ગદર્શિકા ડો.ભારતીબેન પરમારના પ્રેરણાદાયી માર્ગદર્શન અને અવિરત પ્રયત્નોએ સુલોચનાની પ્રતિભાને સફળતામાં પરિવર્તિત કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. નવચેતન પરિવાર તરફથી વસાવા સુલોચના અજિતભાઈ તથા ડો.ભારતીબેન પરમારને સ્ટાફ સહિત ટ્રસ્ટીમંડળે આવકાર્યા છે.

# નાના લીમટવાડા ગામે કાર નહેરમાં ખાબકી, એકનું મોત, ત્રણનો બચાવ

**કરજણ** નદીના ધોધ ખાતે પિકનિક મનાવી વડોદરાના મિત્રો પરત ફરતા હતા, ચાલકે કાબૂ ગુમાવ્યો

રાજપીપળા: ગત તા.૧૦ જૂનના રોજ વડોદરાથી મિત્રો સાથે પિકનિક મનાવવા ગયેલા એક યુવકનું નાના લીમટવાડા અને વણઝર બાર ગામ વચ્ચેના વળાંકમાંથી પસાર થતી વેળા કાર નહેરમાં ખાબકતાં ડૂબી જવાથી મોત થયું હતું. જ્યારે ત્રણનો બચાવ થયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર વડોદરાના વાઘોડિયા રોડ ખાતે સાગર ફ્લેટ રેવા પાર્ક ગરબા ગ્રાન્ડ પાસે રહેતો ૨૮ વર્ષીય હર્ષલ યોગેશભાઈ જગતાપ તેના ત્રણ મિત્રો સાહિલ નઝીર મલેક, જયદીપ મૂળજી રાઠોડિયા અને રોહિત ડાહ્યા વસાવા સાથે ક્રેટા કાર નં.(GJ-06-RA-1424) લઈ ૧૦ જૂન ૨૦૨૬ના રોજ વણઝર બાર ખાતે કરજણ નદીના ધોધમાં નાહવા ગયો હતો. ત્યાંથી સાંજે ૪થી ૪:૩૦ વાગ્યાના અરસામાં વડોદરા પરત ફરતી વખતે નાના લીમટવાડા અને વણઝર બાર ગામ વચ્ચેના વળાંક પરથી પસાર થતી વખતે ચાલક રોહિતે કાર પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારતા સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવી દીધો હતો. આથી કાર સીધી પાણીથી છલોછલ કરજણ ડેમની નહેરમાં ખાબકી હતી. કાર ડૂબવા લાગતાં રોહિતે બૂમ પાડતાં જ અન્ય ત્રણ મિત્રએ દરવાજા ખોલી નહેરમાં ઝંપલાવ્યું હતું. ત્યાંથી પસાર થતાં સ્થાનિક રાહદારીઓએ ત્વરિત સમયસૂચકતા વાપરી હર્ષલ અને જયદીપને સહીસલામત બહાર કાઢી લીધા હતા, જ્યારે સાહિલ અર્ધબેભાન હાલતમાં મળી આવતાં તેને ૧૦૮ મારફતે રાજપીપળા હોસ્પિટલ ખસેડાયો હતો.

જો કે, કાર ચાલક રોહિત વસાવા પાણીના પ્રવાહમાં તણાઈ ગયો હતો. સ્થાનિકો અને મિત્રોની શોધખોળ બાદ સાંજે પોણા છ વાગ્યે હાઈવે નજીકના પુલ નીચેથી તેનો મૃતદેહ મળી આવ્યો હતો. આ મામલે મૃતક ચાલક રોહિત વસાવા સામે ગુનો નોંધી રાજપીપળા પોલીસ સ્ટેશનના પીએસઆઈ મહેન્દ્રસિંહ ડાભી વધુ તપાસ કરી રહ્યા છે.

### ભૂતકાળમાં થયેલા સામસામે આક્ષેપો અને વિવાદ બાદ બુહારીમાં કાર્યક્રમમાં

# ધારાસભ્ય મોહન ઢોડિયા બોલ્યા કે, 'આ વિસ્તારમાં સૂરજ દેસાઈએ સારૂં કામ કર્યું છે'

**સૂરજ** દેસાઈ માટે ધારાસભ્ય મોહન ઢોડિયા દ્વારા બોલાયેલા શબ્દોથી ગ્રામજનોમાં ચર્ચા કે ધારાસભ્યના મુખેથી સચ્ચાઈ બહાર આવી



બુહારી: બુહારી ગામમાં યોજાયેલા ડાયરા તથા સન્માન કાર્યક્રમમાં ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયા દ્વારા જાહેર મંચ પરથી સચ્ચાઈ બોલાઈ ગઈ હતી કે આ વિસ્તારમાં સૂરજ દેસાઈએ ખૂબ સારૂ કામ કર્યું છે.

ઘટનાની વિગતો એવી છે કે, ગત તા.11મી જુન, 2026ના રોજ બુહારી રામજી મંદિરમાં આયોજીત લોકડાયરા તથા સન્માન કાર્યક્રમમાં ભજનિક ગોપાલ સાધુ પધાર્યા હતા. સાથે સાથે કાર્યક્રમમાં રાજ્ય સરકારના મંત્રી ડો.જયરામભાઈ ગામીત, ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયા, જિલ્લા પંચાયત પ્રમુખ ચંચળબેન ચૌધરી સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયા દ્વારા જાહેર મંચ પરથી સાચી હકીકત અનાયાસે બોલાઈ ગઈ હતી કે 'આ વિસ્તારમાં ખૂબ સારું કામ કર્યું છે એવા સુરજ ભાઈ દેસાઈ.... ઉલ્લેખનીય છે કે ધારાસભ્ય દ્વારા બુહારીના વિકાસ માટે જરૂરી પાંચ કરોડના ખર્ચનું રિવરફ્રન્ટનું કામ અટકાવવાની સાથે બુહારી તળાવ પર મંજુર થયેલ લાઈબ્રેરી રદ કરવામાં આવી હોવાનો ભૂતકાળમાં ભારે વિવાદ થયો હતો પરંતુ હાલમાં પરિસ્થિતિ બદલાઈ ગઈ હોવાનું માનવામાં આવી રહ્યું છે. ધારાસભ્ય મોહન ઢોડિયા દ્વારા જાહેર મંચ પરથી તેમણે સુરજ દેસાઈ દ્વારા કરાયેલા સારા કામનો કરાયેલો સ્વીકાર મોટી ઘટના છે. મહત્વની વાત એ છે કે, બુહારી ગામ તાપી જિલ્લાનું એકમાત્ર સ્માર્ટ વિલેજ છે. ISO સર્ટિફાઇડ ગ્રામ પંચાયત છે. તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે. ત્યારે આ ગામને સ્માર્ટ વિલેજ અને આદર્શ બનાવનાર સૂરજ દેસાઈ માટે જાહેર મંચ પરથી અનાયાસે ધારાસભ્યના મુખેથી બોલાયેલા શબ્દોથી બુહારી ગામની જનતામાં એક જ ચર્ચા છે કે આખરે ધારાસભ્યએ સ્વીકાર્યું અને એમના મુખેથી જ સચ્ચાઈ બહાર આવી.

### મારા પ્રત્યેના પ્રેમ બદલ ધારાસભ્યનો આભાર: સૂરજ દેસાઈ

ધારાસભ્ય મોહન ઢોડિયા દ્વારા બોલાયેલા શબ્દો અંગે બુહારીના ઉપસરપંચ સૂરજ દેસાઈએ જણાવ્યું હતું કે, ધારાસભ્ય મહોદયના મારા પ્રત્યેના વિશેષ પ્રેમ બદલ એમનો આભાર

# પહાડ ગામ પાસે માર્ગ અકસ્માતમાં યુવકનું મોત

રાજપીપળા: છોટા ઉદેપુરના નસવાડીના વઘાચ ગામનો ૩૬ વર્ષીય યુવક વિરાટસિંહ જગતસિંહ ચૌહાણ તા.૧૦ જૂનના રોજ રાત્રે આશરે ૧૧:૩૦થી ૧૨ વાગ્યાના સમયગાળામાં બાઈક નં.(GJ 22 AA 1284) લઈ પસાર થઈ રહ્યો હતો. દરમિયાન તિલકવાડા-ડભોઈ હાઈવે રોડ પર પહાડ ગામના બ્રિજ પાસે એક ટ્રક નં.(GJ-27 TT 2430)ના ચાલકે પોતાના કબજાનું વાહન પૂરઝડપે હંકારી બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં વિરાટસિંહને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતાં તેનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકના ૬૮ વર્ષીય પિતા જગતસિંહ ચૌહાણે તિલકવાડા પોલીસ મથકે અજાણ્યા ટ્રક ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

Milano MULTIPLEX
બારડોલી
Haunted
10:00am, 04:00pm, 10:00pm
Bharat bhahagya Viddhaata
01:00pm, 07:00pm
The Silent Saviour Governor -
12:00pm, 06:00pm
Badhu Alright Che-Gujarati
02:30pm, 05:30pm
Peddi - 11:00am, 09:30pm
Hai Jawani Toh Ishq Hona Hai
03:00pm, 09:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

-:: જોઈએ છે ::-

શ્રી વનવાસી વિકાસ ટ્રસ્ટ સોનગઢ સંચાલિત નીચે જણાવેલ અંબિકા કન્યા છાત્રાલય ડોલારા તા. વ્યારા નીચે મુજબની ભરતી માટે અરજી મંગાવવામાં આવે છે.

| અ.નં | અંબિકા કન્યા છાત્રાલય ડોલારા, તા.વ્યારા જી.તાપી | જગ્યાનુ નામ | જાતિ | લાયકાત |
|---|---|---|---|---|
| | | ગૃહમાતા - ૧ | એસ.ટી | ગ્રેજયુએટ |
| | | ચોકીદાર - ૧ | એસ.ટી | ધોરણ ૧૦ પાસ |

૧. મદદનીશ કમિશ્નરશ્રી આ. વિ કચેરી વ્યારાના ની.ન.મ.ક આ. વિ. GIANOC/૨૦૨૫-૨૦૨૬/૯૫૨ તા. ૬/૬/૨૦૨૬ થી એન.ઓ.સી મળેલ છે. ૨. સરકારશ્રીની ધારા ધોરણ મુજબ ફિક્સ વેતન આપવામાં આવશે અનુસુચિત જનજાતિ / એસટી ઉમેદવારો જ અરજી કરવી. 3. નિવાસી છાત્રાલય હોય પસંદગી પામેલા ઉમેદવારો સ્થળ પર ફરજિયાત રહેવું. ગૃહમાતા તરીકે ફરજ બજાવવાની રહેશે. ૪. અરજી સાથે લાયકાતના પ્રમાણપત્ર અને મોબાઈલ નંબર અચુક જોડવાના રહેશે. (અધુરી માહિતી અમાન્ય ગણાશે.) ૫. જાહેરાત થયાની દિન-૧૦ માં રજીસ્ટર એ ડી થી નીચેના સરનામે અરજી કરવાની રહેશે.

૬. અરજી મોકલવાનું સ્થળ : શ્રી વનવાસી વિકાસ ટ્રસ્ટ સોનગઢ
C/o શ્રી ભાનુબેન નગીનભાઈ ગામીત
નવાગામ બ્રાહ્મણ ફળિયુ ફોર્ટ-સોનગઢ, જિ.તાપી
પીન-૩૯૪૬૭૦